## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*માંડ મળી'તી શાખ નાના વેપારી ખોવાઈ ગયા!*
*તૂટી સાંકળ અને ડૂબ્યા દેવામાં, રોવાઈ ગયા!*
*નચોવાઈ ગયા, ચૂકવી રોજી, કામ લીધા વિના -*
*હાથની સાથે, નાના-મોટા ધંધાય ધોવાઈ ગયા !*
*(બંજાર બંધની આડઅસર)*

**હાઈકુ**

*આવે ન માલ,*
*ખોરવાયો વેવાર -*
*તૂટયાં બજાર...*

*છે મૂઢ માર -*
*બોલાય ન સે'વાય*
*મોઢે છે માસ્ક !*

### ચિંતન

**વિપ્રિયંમપ્યાકર્ણ્ય બ્રૂતે, પ્રિયમેવ સર્વદા સુજનઃ ।**
**ક્ષારં પિબતિ પયોધેર્વર્ષમ્, મત્યભોધરો મધુરમ્ભઃ ॥**

ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

સજ્જન અપ્રિય વાણી સાંભળીને પણ મીઠાં વચન બોલે છે, મેઘ પોતે સાગરનાં ખારાં પાણી પીએ છે, છતાં મધુર પાણી વરસાવે છે.

સજ્જન લોકોના સ્વભાવ હોય છે કે કોઈ એમના વિશે બૂરું બોલતું હોય,વિચારતું હોય કે આચરતું હોય છતાં એમનાં બૂરા સ્વભાવ અને સંસ્કાર ને કારણે, આગલા જન્મોનાં કર્મોના પરિણામે જે હોય તે પણ એવાં કૃત્યો અને આત્માને ક્ષમા કરી મન પર લેતા નથી, એટલું જ નહીં, એને ક્ષમા કરી એ આત્માનું કલ્યાણ કેમ થાય એ બાબત વિચારે છે. સજ્જન અને સંતની આ જ ખૂબી છે.

દુર્જનની વિશિષ્ટતા એ છે કે કોઈએ એનું કંઈ ન બગાડ્યું હોય છતાં - કોઈનું ખરાબ કેમ થાય, પરેશાન કેમ થાય એ - એવું વિચારે અને એવાં કાવતરાં ગોઠવે છે. આ માત્ર સ્વભાવ અને સંસ્કારનું પરિણામ છે.

### સુવિચાર

- સત્ય હંમેશા નિર્ણાયક હોય છે, જયારે જૂઠ હંમેશા લોકો વચ્ચે અંતર વધારે છે - **અખંડ આનંદ**
- બીજાને સાથ આપવો એ જ તેમને આપણા સાથીદાર બનાવવા બરાબર છે - **એસ.ભટ્ટાચાર્ય**
- જેઓ મનને નિયંત્રિત નથી કરતા, તેમના માટે મન શત્રુની જેમ કાર્ય કરે છે - **બોધીવૃક્ષ**
- પરોપકાર કરવો, બીજાની સેવા કરવી અને અહંકાર ન કરવો એ જ સાચું શિક્ષણ છે - **મનુભાઈ પંચોળી**
- સાચું શિક્ષણ તે જ છે જેમાં બાળકો જીવનભર પોતાને શિક્ષિત રાખવા સક્ષમ બને - **વિલિયમ હાર્ડી**
- જે પોતાના જ્ઞાનને આચરણમાં મૂકે છે, તે જ બુદ્ધિમાન છે - **રોહિત શાહ**
- આજનું ઔષધ : લીમડાના કૂમળા પાનને દહીંમાં વાટી ફોડકી પર લગાડવાથી રાહત થાય છે. આ લેપ સવાર-બપોર સાંજ ત્રણ વખત લગાવડો. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

૧૯૦૪માં લંડનમાં આંતરરાષ્ટ્રીય સ્તરને એક ખાદ્ય વસ્તુઓના પ્રદર્શનનો મેળાવડો હતો. એક નાનો વેપારી જેનું નામ રિચાર્ડ બુશ હતું. તે આ મેળામાં ભારતનું પ્રિય પીણું 'ચા' ને પ્રમોટ કરવા માંગતો હતો. ત્યારે ચા આટલી મશહૂર ન હતી. તેમને પૂરો વિશ્વાસ હતો કે ભારતીય ચા નો પ્રચાર કરશે અને એમનો વેપાર વધશે.

એ દિવસોમાં લંડનમાં ગરમીનું પ્રમાણ વધ્યું હતું. આથી આવનારા સૌ ઠંડા પીણા કે આઈસ્ક્રીમ વગેરેના સ્ટોલ પર ધૂમ ભીજ જમાવી રહ્યા હતા. રિચાર્ડનો સ્ટોલ પર ઘરાકી ન હતી. તેમણે જોયું કે ગરમીને કારણે લોકો કોલ્ડડ્રીંક ઉપર વધુ માંગે છે. એમણે ચામાં ખાંડ મેળવીને તેમાં બરફ ઉમેરી તેને કોલ્ડડ્રીન્કની જેમ વેચવાનું શરૂ કર્યું. થોડીવારમાં તેમના સ્ટોલ પર પણ ભીડ જામી. તેમણે બનાવેલું નવું પીણું લોકપ્રિય બન્યું. આ દિવસોમાં રિચાર્ડ આ રેસિપિમાં થોડા ઘણાં સુધારા-વધારા કરી 'કોલ્ડ ટી' ની શરુઆત કરી.

રિચાર્ડની ધીરજ ને સુઝબુઝ સાથે કરેલા નવો અખતરો સફળ રહ્યો. ભારતીય ચા ને રિચાર્ડ નવા રુપરંગ સાથે ઈંગ્લેન્ડમાં ધૂમ મચાવી સારો નફો કર્યો.

# નામ બદલવાનો નિરર્થક વિવાદ

**તંત્રીસ્થાનેથી...**

નામમાં શું બળ્યું છે ? યુરોપના કાલજયી કવિ - નાટ્યકાર શેક્સપિયરે સાડા ત્રણસો વર્ષ પૂર્વે કરેલું નાટ્યાત્મક વિધાન જગત આખાની જીભે ચડેલું છે. ગુલાબને ગુલાબ નહીં કહો તો પણ એની સુગંદમાં ફેર નહીં પડે. હમણાંથી આપણા કહેવાતા રાષ્ટ્રવાદીઓ નગરો-મહાનગરોનાં નામકરણ બદલીને ફુલાતા ફરે છે. પ્રયાગરાજ કહેવાોથી સદીઓથી મોગલયુગની મહેક વાળું અલ્હાબાદ બદલાઈ જવાનું નથી. કાલે દિલ્હીનું નામ ઈંદ્રપ્રસ્થ કરી નાખીએ કે અમદાવાદને કર્ણાવતી કહેવા લાગીએ એથી એનો દૂરનો ભૂતકાળ છેલ્લી સદીઓના સંસ્કારો બદલી શકવાનો નથી. પાંડવોની હયાતી હોય તો પણ પાંચ હજાર વર્ષ પહેલાં હશે. ઉત્ખન્ન અને આર્કિયોલોજી તો છેક સિંધુ ખીણની સંસ્કૃતિ સુધી પહોંચે છે. આર્યોન મોટા ભાગના ઈતિહાસકારો આ દેશની મૂળ પ્રજા નથી માનતા. મધ્ય એશિયામાંથી એમનાં ધાડેધાડાં ઊતરી આવ્યાં અને દ્રવિડ સંસ્કૃતિનો પરાજય કરી એમણે વિશાળ 'આર્યવર્ત' નું સામ્રાજય ઊભું કર્યુ હોવાની બાબતે પશ્ચિમના ઈતિહાસકારો સર્વસંમતિ ધરાવે છે. દયાનંદ સરસ્વતી જેવા જૂજ મહાનુભાવો ભારતને આર્યોની મૂળ ભૂમિ માને છે. તેઓ ભારતમાંથી આર્યો બાકીની દુનિયામાં ફેલાયા એવો મત ધરાવે છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પણ આ થિયરી સ્વીકારે છે. પરંતુ જો એમ હોય તો હડપ્પા, મોએં-જો-ડેરો અને લોથક કે ધોળાવીરાના અવશેષો જે ભૂતકાળ ઉલેચે છે એને કયાં ધકેલીશું ? ધારો કે દેશનું નામ ઈંડિયા બદલીને ભારત જ રાખવામાં આવે તો પણ એમાં પેલું આર્યવર્ત કયાં આવે છે ? આઝાદી પછી દેશના નામકરણ મુદ્દે આવી ચર્ચા જરૂર ઊપડી હતી અને અનંત શયનમ આયંગર જેવા બંધારણ સભાના સદસ્યે 'ઈન્ડિયા' શબ્દ કાઢી નાખવાનો આગ્રહ પણ રાખેલો. 'ઈન્ડિયા' શબ્દ ગ્રીક 'ઈંડિકા' પરથી ઊતરી આવ્યો હોવાની વાત સાચી. પરંતુ સામે એ પણ સાચું કે પાછળથી આર્યવર્તવાસી આર્યો જેમને 'યવન' કહી ઉતારી પાડતા એવી પ્રજાઓ પણ સૂર્ય પૂજક હતી. ઈરાનમાં તો હમણાં સુધી એના શહેનશાહના નામ આગળ 'આર્યમિહિર' અર્થાત્ આર્યોમાં સૂર્ય જેવું વિશેષણ વપરાતું હતું. કે.કા. શાસ્ત્રી ખેરાલુના સૂર્યમંદિરમાં બૂટ પહેરેલી સૂર્યની પ્રતિમા ઈરાનમાંથી મળતી સૂર્યની પ્રતિમાઓ જેવી હોવાનું તારણ કાઢી આપેલું. 'ઈંડિકા' પણ મૂળે તો 'ઈન્ડસ' એટલે કે સિંધુ નદી માટે વપરાતા ગ્રીક નામ પરથી ઊતરેલો શબ્દ છે. એમાંથી જ આપણે લાડકો શબ્દ 'હિંદુ' ઊતરી આવ્યો છે. અંગ્રેજો પહેલાં મોગલશાસકો આપણા દેશને 'હિંદુસ્તાન' નામે જ ઓળખતા હતા. અંગ્રેજોએ હિંદુસ્તાન અને ઈંડિયા - બેઉ નામો ચલાવ્યે રાખ્યાં. 'ભારતવર્ષ' તરીકેની દેશની ઓળખ સાંસ્કૃતિક છે. શકુંતલાથી થયેલ દુષ્યંત રાજાના પુત્ર ભરત પરથી દેશનું નામ ભારત પડ્યું એવી જનશ્રુતિ સર્વમાન્ય છે. પરંતુ ભારત નામના બીજા રાજાઓ પણ થયા હશે. જડભરત એ શકુંતલાના પુત્રનું જ નામ હતું કે કેમ એ સંશોધનનો વિષય છે. ભરત અને બાહુબલીનું આખ્યાન જૈનધર્મમાં જાણીતું છે. જૈનો તો એ ભરતના નામ પરથી દેશનું નામ ભારત પડ્યું એમ માને છે. અને એમ તો ભગવાન રામચંદ્રજીના પ્રિય અનુજનું નામ પણ ભરત જ હતું ને ! વળી શ્રીકૃષ્ણ 'મહાભારત' માં વારંવાર અર્જુનને 'ભારત' નામે સંબોધે છે. 'યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત...'માં જે 'ભારત' શબ્દ છે તે દેશવાચક નથી, એ અર્જુન માટે વપરાયેલ છે. દરેક ભારતવાસીને ભારત પ્રત્યે મમતા હોય તે સ્વાભાવિક છે. 'ભારતમાતા' એ પાછો સ્ત્રીલિંગ શબ્દ બની જાય છે. દેશ માટે અંગ્રેજો સ્ત્રીલીંગનો ઉપયોગ કરે છે. એટલે આપણે પણ પુરુષવાચક 'ભારતવર્ષ'ને બદલે 'મધર ઈંડિયા' - ભારત માતા કી જય પોકારતા થઈ ગયા ! સંસ્કૃતિ કોઈ ખાબોચિયામાં સમાઈ જતું ગંદું પાણી નદી, એ તો વહેલી ગંગા છે. તેથી ચર્ચાને અંતે આંબેડકરે જ આગ્રહ રાખેલો કે આખી દુનિયા જયારે આપણને 'ઈન્ડિયા' તરીકે ઓળખે છે ત્યારે એ શબ્દ તરછોડી દેવો બરાબર નથી અને તેથી 'ઈંડિયા ધેટ ઈઝ ભારત' એવી વ્યાખ્યા સાથે દેશનાં બેઉ નામો સ્વીકાર્ય ગણાયા છે. સર્વોચ્ચ અદાલતો 'ઈંડિયા' શબ્દને ગુલામીનું પ્રતીક ગણી હટાવી દેવાની અરજી ફગાવી દીધી છે. અરજદાર સરકાર આગળ જઈને જે માથાઝીંક કરવી હોય તે કરે. આવા ખુદરાં શોધવાની કશું વધવાનું નથી એનું સૌથી હોઠવગું ઉદાહરણ આપણું અમદાવાદ છે. અહમદશાહની નગરીનું નામ કર્ણાવતી કરવાની હિંમત આજલગી નીચેથી ઉપર સુધી સુવાંગ સત્તા ધરાવતા સત્તાધીશો નથી કરી શકયા તે શું સૂચક નથી?

# વિદિશાનું પ્રેરક અને ઉજજવળ ચરિત્ર



**અમર વારસો**
ડૉ. રશ્મિકાન્ત મહેતા

વિદિશા નગરીમાં સંસ્કાર અને સંપત્તિથી સમૃદ્ધ નગરશેઠ હતા. એને સુંદર અને સુશીલ દીકરી હતી. નગરશેઠને આ નગરી માટે પ્રેમ હતો; એથી એણે દીકરીનું નામ પણ 'વિદિશા' રાખ્યું હતું.

નગરી ઉજ્જયિની નજીકમાં જ હતી. ત્યાંના જુલમી શાસક સામે પ્રજાએ વિદ્રોહ કર્યો. પાટલિપુત્રથી યુવરાજ અશોક નાનકડા લશ્કર સાથે પ્રજાની સહાયમાં આવ્યો. એણે તરત વિજય મેળવ્યો. પ્રજા આનંદમાં હતી. પણ અશોક પોતે ઘવાયો હતો.

વિદિશા રોગના ઉપચારમાં નિપુર્ણ હતી; રોગીની પરિચર્યામાં નિપુર્ણ હતી. એને બૌદ્ધ સંઘારામમાંથી સંદેશ આવ્યો - તરત જ આવી જા. યુવરાજ અશોક ઘાયલ થઈને આવ્યા છે. વિદિશા ધાર્મિક હતી, સંવેદનશીલ હતી.

તરત એ સંઘના આરામગૃહમાં આવી ગઈ. અશોક માટે અલાયદો સ્વતંત્ર કક્ષ હતો; એમાં માત્ર વિદિશાને જ પ્રવેશ હતો. સાત દિવસ સઘન સારવાર ચાલી. અશોક એની સંવેદનાથી હરીભરી સેવાથી પ્રસન્ન હતો; વિદિશા એના સૌજન્ય અને સંસ્કારથી પ્રસન્ન હતી. આ રોગી અને પરિચારિકાનાં હૃદય સ્નેહસૂત્રથી બંધાઈ ગયા. અશોક હવે સ્વસ્થ થઈ ગયો હતો.

વિદિશાની સંમતિથી, એ નગરશેઠને મળ્યો. વિનયપૂર્વક વિદિશા સાથેનાં લગ્નનો પ્રસ્તાવ મૂકયો. શેઠે પ્રસન્નતા સાથે બંનેનાં લગ્ન કરાવી આપ્યા. (ઈ.સ. ૨૮૬)

અશોક પોતાનું શાસન ઉજ્જયિનીમાં સ્થિર થાય, એટલે રોકાઈ ગયો. પ્રજાજનો એનાથી ખૂબ ખુશ હતા. પરંતુ વિદિશા ઉદાસ હતી. બુદ્ધ ઉપદેશ એનાં આચરણમાં રહેતા.

અશોકે ઉદાસીનતાનું કારણ પૂછ્યું. વિદિશાએ કહ્યું, 'આ યુદ્ધ અને હિંસા મને ગમતા નથી.' અશોકે સ્પષ્ટતા કરી. 'ક્ષત્રિય રાજવીએ શસ્ત્ર તો જરૂર પ્રમાણે ઉઠાવવા પડે.' વિદિશાએ પ્રતિવાદ કર્યો - 'તમારા પિતા બિંબિસાર તો પશુ હિંસામાં પણ માનતા નથી.'

મતભેદ ખરો. પરંતુ એને કારણે પ્રેમમાં કોઈ ઊણપ નહીં. એમને પુત્ર જન્મ્યો. અશોકે એનું નામ પાડ્યું - 'મહીન્દ્ર'. (ઈ.પૂ. ૨૮૪). પછી પુત્રી જન્મી. વિદિશાએ એનું નામ પાડ્યું - સંઘમિત્રા (ઈ.સ. ૨૮૧)

પાટલિપુત્રમાં પિતા બિમાર પડ્યા. અશોકે વિદિશા અને બાળકોને નગરશેટને સોંપ્યા. જતી વખતે વિદિશાએ અશોક પાસે વચન માંગી લીધું. 'જાવ ભલે. પરંતુ કોઈ પણ પ્રકારની હિંસા કયારેય કરવાની નહીં.' અશોકે વિદાય લીધી.

વિદિશા એના સમાચાર મેળવતી રહી : (૧) પિતાનું અવસાન થયું. નાના ભાઈઓ સત્તા માટે યુદ્ધે ચડયા. ઉત્તરાધિકારી અશોકનો નાનો ભાઈ હતો. જે ભાઈઓ પોતાને તાબે ન થયા, એની અશોકે કતલ કરી નાખી. પાટલિપુત્રમાં સત્તા સંભાળી લીધી. (ઈ.સ. ૨૭૨) વિદિશાએ વ્યથા અનુભવી. (૨) કોઈ પણ જાતના દેખીતા કારણ વગર કલિંગ પર આક્રમણ કર્યું. વિજય તો મેળવ્યો, પરંતુ વિનાશની વિકરાળ મહાલીલા પાથરી દીધી. વિદિશા માટે આ અસહ્ય હતું. એણે વિશ્વાસુ સેવક સાથે બંને બાળકોને મોકલી આપ્યા. પત્રથી જાણ કરી. વિધિવત દિશા લઈને સંઘપ્રવેસ કરી લીધો.

અશોકનું હૃદય પરિવર્તન થયું. એમાં કલિંગની વિનાશલીલા જવાબદાર હતી; તેનાથી પણ વધુ વિદિશા આ રીતે જતી રહી - એ કારણ હતુ.

# ગોલ્ડન ગર્લ કયા ખેલાડીની આત્મકથા છે?



**ખજાનો**
અનિલ પટેલ

## ખેલ જગત

૧ આધુનિક ઓલિમ્પિક રમતોત્સવનો પ્રારંભ કયારે થયો ?
(અ) ઈ.સ. ૧૮૯૦ (બ) ઈ.સ. ૧૮૯૬
(ક) ઈ.સ. ૧૯૦૦ (ડ) ઈ.સ. ૧૯૦૫

૨ ગોલ્ડન ગર્લ કયા ખેલાડીની આત્મકથા છે?
(અ) પી ટી ઉષા (બ) તેજસ્વીની સાવંત
(ક) સાનિયા મિર્ઝા (ડ) પારુલ પરમાર

૩ અનિતા સુદનું નામ કઈ રમત સાથે જોડાયેલ છે ?
(અ) શૂટીંગ (બ) કુસ્તી
(ક) તરણ (ડ) બેડમિન્ટન

૪ સૌ પ્રથમ ઔલમ્પિક રમતોત્સવ કયારે યોજાયો હતો ?
(અ) ઈ.સ. પૂ. ૭૦૦ (બ) ઈ. સ. પૂ. ૭૭૬
(ક) ઈ.સ. પૂ. ૬૭૬ (ડ) ઈ.સ.પૂ. ૭૭૮

૫ સૌ પ્રથમ ઓલિમ્પિક કયા શહેરમાં યોજાયો હતો ?
(અ) રોમ - ઈટાલી (બ) બ્રસેલ - બેલ્જિયમ
(ક) પેરિસ - ફ્રાન્સ (ડ) એથેન્સ - ગ્રીસ

૬ ટેસ્ટ ક્રિકેટમાં એક જ ઈનીંગમાં દસ વિકેટ લેનાર ભારતીય ખેલાડી કોણ છે?
(અ) વિનોદ કુંબલે (બ) હિરવાણી
(ક) કપિલ દેવ (ડ) અઝરૂદીન

૭ પ્રકાશ પાદુકોણ કઈ રમત સાથે જોડાયેલ છે ?
(અ) ટેનિસ (બ) બેડમિન્ટન
(ક) તરણ (ડ) વૉલીબોલ

૮ નીચેનામાંથી કયા ખેલાડી ટેનિસની રમત સાથે જોડાયેલ નથી?
(અ) મહેશ ભૂપતિ (બ) લિએન્ડર પેસ
(ક) મોન્ટુ ઘોષ (ડ) સૈયદ મોદી

૯ નીચેનામાંથી કઈ રમતને લંડન ખાતે યોજાયેલ ઓલમ્પિક રમતોત્સવમાંથી બાકાત રખાઈ હતી ?
(અ) બૅઝબોલ (બ) ટેનીસ
(ક) શૂટીંગ (ડ) વિમ્બલ્ડન

૧૦ ૨૦મો રાષ્ટ્ર મંડળ ખેલ મહોત્સવ કયાં યોજાયો ?
(અ) લંડન (ઈંગ્લેન્ડ) (બ) ગ્લાસકો (સ્કોટલેન્ડ)
(ક) પેરિસ (ફ્રાન્સ) (ડ) બર્લીન (જર્મની

૧૧ વિશ્વ નિશાનેબાજીમાં ગોલ્ડ મેળવનાર ભારતની પ્રથમ મહિલા કોણ છે ?
(અ) વૈશાલી મકવાણા (બ) સુફીયા ખાન
(ક) તેજસ્વિની સાવંત (ડ) સાનિયા મિર્ઝા

૧૨ ૩૫માં રાષ્ટ્રીય રમતોત્સવમાં કયા ખેલાડીએ સર્વશ્રેષ્ઠ પુરુષ ખેલાડી જાહેર કરવામાં આવ્યો હતો ?
(અ) દિનેશ ભીલ (બ) પૂજન પટેલ
(ક) મુકુંદ પરમાર (ડ) વીરધવલ ખાડે

૧૩ ૩૫મા રાષ્ટ્રીય રમતોત્સવમાં કઈ મહિલાને સર્વશ્રેષ્ઠ મહિલા ખેલાડીનો અવોર્ડ અપાયો ?
(અ) પારુલ પરમાર (બ) ધ્યાની દવે
(ક) રુચા મિશ્રા (ડ) નિલોફર ચૌહાણ

૧૪ કોમનવેલ્થ ગેમ્સ માટે સૌ પ્રથમ પસંદગી પામનાર ગુજરાતી તૈરાકનું નામ શું હતું ?
(અ) અશુંલ કોઠારી (બ) મુકુંદ પરમાર
(ક) સુફિયા ખાન (ડ) પારુલ પરમાર

૧૫ કઈ મહિલા ખેલાડી યોગાકુમારી તરીકે ઓળખાય છે ?
(અ) કૃપાલી પટેલ (બ) વૈશાલી મકવાણા
(ક) પારુલ પરમાર (ડ) રુચા મિશ્રા

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૫ જુન : વિશ્વ પર્યાવરણ**
  - 'ધી ટાઈમ્સ' અખબાર શરૂ કરનાર રોય ટોમસનનું નિધન (૧૯૭૬)
  - ભારતીય મજદૂર આંદોલનના જન્મદાતા નારાયણ મહોનર જોષીનો જન્મ દિવસ (૧૮૭૯)
  - ઓપરેશન બ્લ્યુ સ્ટાર અંતર્ગત સુવર્ણ મંદિરમાં સેનાનો પ્રવેશ (૧૯૮૪)
  - મિખાઈલ ગોર્બોચોવને શાંતિ નોબેલ પુરસ્કાર એનાયત થયું (૧૯૯૧)
- **૬ જુન :**
  - ફિલ્મી ગીતકાર રાજેન્દ્ર કૃષ્ણાનો જન્મદિવસ (૧૯૧૯)
  - ૧૯૨૯નું સાહિત્યનું નોબેલ મેળવનાર મહાન જર્મન નવલથાકાર ટોમસમાનનો જન્મદિવસ (૧૮૭૫)
  - ક્રિકેટર આશિફ ઈકબાલનો જન્મદિવસ (૧૯૪૩)
  - ઈંગ્લેન્ડની ટીમના પૂર્વ કપ્તા માઈક ગેટિંગનો જન્મદિવસ (૧૯૫૭)
- **૬ જુન :**
  - વલ્લભવિદ્યાનગર સંકુલના દૃષ્ટા ભાઈલાલભાઈ પટેલનો જન્મદિવસ (૧૮૮૮)
  - ચિત્તોડના મહારાજા મહારાણા પ્રતાપનો જન્મદિવસ (૧૫૩૯)
  - ઈંગ્લેન્ડના લોર્ડ્સના મેદાનમાં ક્રિકેટના વિશ્વકપની પટેલી મેચ રમાઈ (૧૯૭૫)
  - ભારતના સફળ ટેનિસ ખેલાડી મહેસ ભૂપતિનો જન્મદિવસ (૧૯૭૪)
- **૮ જુન :**
  - આઝાદીની ચળવળમાં સહયોગી સેવા દેશભક્ત પત્રકાર શામળદાસ ગાંધીનું નિધન (૧૯૫૩)
  - ઈસ્લામ ધર્મના સ્થાપક મહંમદ પયગંબરનું નિધન (ઈ.સ. ૦૬૩૨)
  - ખુબસુરત અભિનેત્રી ડિમ્પલ કાપડીયાનો જન્મદિવસ (૧૯૫૭)
  - ફિલ્મી અદાકાર અભિનેત્રી શિલ્પા શેટ્ટીનો જન્મદિવસ (૧૯૭૫)
- **૯ જુન :**
  - ક્રાંતિકારી ચળવળના પ્રણેતા બિરસા મુંડાનું નિધન (૧૯૦૦)
  - અભિનેત્રી અમિષાનો જન્મદિવસ (૧૯૭૬)
  - લાલબહાદુર શાસ્ત્રી દેશના વડાપ્રધાન બન્યા (૧૯૬૪)
  - બોલીવૂડ અભિનેત્રી સોનમ કપૂરનો જન્મદિવસ (૧૯૮૫)
- **૧૦ જુન :**
  - રાજવી કવિ 'કલાપી' સુરસિંહજી ગોહેલનું નિધન (૧૯૦૦)
  - પદ્મભૂષણ એવોર્ડથી સન્માનિત ઉદ્યોગપતિ રાહુલ બજારનો જન્મદિવસ (૧૯૩૮)
  - ઈઝરાયેલ - સિરીયા વચ્ચે યુદ્ધ વિરામ જાહેર (૧૯૬૭)
  - પીનાકિન ન દવે ની જન્મજયંતિ (૧૯૩૫)
- **૧૧ જુન :**
  - મોરબી નગરના શિલ્પી વાગજી ઠાકોર બીજાનું નિધન (૧૯૨૨)
  - દેશમાં અલ્હાબાદ હાઈકોર્ટે અને આગ્રા હાઈકોર્ટની સ્થાપના (૧૮૬૬)
  - પીઢ રાજકારણી લાલુપ્રસાદ યાદવનો જન્મદિવસ (૧૯૪૮)
  - સાહિત્ય માટેનું નોબેલ પારિતો,કિ સન્માનિત પાસુનારી કાલાવાતાનો જન્મદિવસ (૧૮૯૯)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં કયા સનદી અધિકારીને અમદાવાદના કમિશનર પદેની હટાવાવામાં આવ્યા ? જવાબ : વિજય નહેરા**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪ (૫) શિવાંગ બી પટેલ : સરસાગસણ (૬) મહેશ એમ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૭) દિલીપકુમાર જાની : સે-૨સી (૮) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ભારતમાં વનમહોત્સવની શરૂઆત કોણે કરાવી હતી ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# ભારત પાસે માણસો છે પણ મેડલ કેમ નથી?



**રંગ-ઉમંગ**
કાનન ઓઝા

રમતગમતમાં ભારતનું પછાતપણું હોવા પાછળ એક કરવા વધુ કારણો છે. સૌથી મોટું કારણ એ ગણાવી શકાય કે ભારતમાં રમતગમત માટેની ભૌતિક માળખાકીય સુવિધાઓ જ નથી. રમતના મેદાનો કે રમત માટેના સાધનો જે સરળતાથી મળવા જોઈએ તે નથી. હા... દરેક શહેરમાં મોટાભાગના વિસ્તારમાં રમતના મેદાન માટેની જગ્યા અનામત રાખવામાં આવી છે, પણ ત્યાં ક્રિકેટ સિવાય કયારેય કોઈ રમત રમતી જોવા મળતી નથી. રમતના મેદાનની સાથે અન્ય સુવિધાઓ કયારેક આપની સરકાર કે સમજે વિચારે જ કર્યો નથી. આપણે બાગ બચીગા બનાવવામાં જેટલા રૂપિયા ખર્ચ કરીએ છીએ એનો દસમો ભાગનો ખર્ચ આપણે રમતના મેદાન પાછળ કરીએ તો પણ ઘણું છે.

રમતગમત માટેના શિક્ષણનો પણ અભાવ છે. શાળામાં કઈ રમતો રમતી જોવા મળે છે? લંગડી, કબડ્ડી, વોલીબોલ અને ક્રિકેટ. આ સિવાય ભાગ્યે જ કોઈ રમત કોઈ શાળામાં રમાતી હશે. શહેરમાં મોટાભાગની શાળા પાસે રમતના મેદાન જ નથી ? પછી રમત રમવાની વાત જ કયાંથી આવે? રમત માટે શાળામાંથી જે પ્રેરણા અને સુવિધા મળવી જોઈએ તે નથી જ. સાથે વાલી પણ એટલા જ જવાબદાર છે. આજના વાલીના મતે રમત એશિક્ષણ પછી આવતી પ્રવૃત્તિ છે. જે માત્ર ટાઈમ પાસ કરવા માટે અને મનોરંજન માટે છે. આમ રમત માટે જે પ્રોત્સાહન બાળકને મળવું જોઈએ તે નથી મળતું શાળામાંથી કે નથી મળતું ઘેરથી. રમતમાં સારો દેખાવ કરવા કે આગળ વધવા નાનપણથી જ કોઈ ચોક્કસ રમત સાથે જોડાવવું પડે. જે આજના વાલી રમવા કરતા ભણવામાં વધારે ધ્યાન આપે છે.

આજે ભારતની ૪૦ કરોડ જેટલી વસ્તી ગ્રામ્ય વિસ્તારમાં રહે છે. આખા અમેરિકા અને રશિયાના અને ઓસ્ટ્રેલિયા બધા દેશોની વસ્તીના સરવાળા કરતા પણ વધારે છે. ત્યારે આપની સરકારે કયારેક ગામડામાં રમતની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપ્યું નથી. હકીકતમાં ગ્રામ્ય વિસ્તારમાં મોટા મેદાનો છે, જેનો યોગ્ય ઉપયોગ જ થતો નથી.

આમ જોવા જઈએ તો ભારતની માનસિકતા જ એવી છે કે આપણે ભારતને રમતોનો દેશ ના જ કહી શકીએ. અન્ય દેશ રમતને વ્યક્તિની અભિવ્યક્તિ તરીકે લે છે. જયારે આપને મનોરંજન માટે લઈએ છીએ. વ્યક્તિની અંદર જે પડેલું છે તેને યોગ્ય રીતે બહાર લાવવાની કલા તરીકે આપને રમતને કયારેય જોઈ નથી. પરદેશમાં તમને એક વાત સાહજિકતાથી જોવા મળશે કે જે લોકો રમત માટે નજીકથી સંકળાયેલ નથી તેઓ પણ સવારે દોડવા નીકળી પડે છે. સાયકલના શોખીનો ૩૦-૪૦ કિમી સાયકલ સરળતાથી અને સહજતાથી અવારનવાર ચલાવે છે. અહીં બાળકને નાનપણથી જ તેને ગમતી કોઈ એક રમત સાથે જોડી દેવામાં આવે છે. જે માટેની સુવિધાઓ અને તકો શાળા કક્ષાએથી જ મળે છે. શાળાના અભ્યાસક્રમમાં આ ફરજિયાત છે. જયારે આપમે ત્યાં ? શાળામાં રમતના તાસને કયારેય ગંભીર ગણવામાં આવ્યો જ થી. અડધો કલાકનો આ તાસ કેવી રીતે પૂરો થાય છે તે આપમે સૌ જાણીએ છીએ. સાયન્સ, કોમર્સ કે મ્યુઝિક કે મેડિકલ એન્જિનિયરિંગની કૉલેજો કે યુનિવર્સટી છે તેમ આપણે ત્યાં કોઈ રમતની કૉલેજ કે યુનિવર્સિટી છે ? જુદી જુદી રમતો માટે કોઈ સારી સંસ્થા જ નથી કે જે નેતૃત્વ લઈને જે તે રમત માટે ખેલાડીઓ પેદા કરે અને પૂરતી સુવિધા અને તકો પૂરી પાડો. અરે, આપણી સરકાર પાસે રમતોને લઈને કોઈ ચોક્કસ પોલિસી કે નીથી જ નથી કે જેના કારણે રમતવીરો પેદા થાય.

આજની રમતો મોંઘી બનતી જાય છે. જેથી કયારેક સારો ખેલાડી બનવા માંગતી વ્યક્તિ રમતથી દૂર જાય છે. તેને આર્થિક સહાય કરવાની વિશેષ જોગવાઈ સરકાર કે સમાજ દ્વારા નથી. આપણે ત્યાં તો ખેલાડી જયારે સ્ટાર બને ત્યારે તેની પર પૈસાનો વરસાદ વરસી પડે છે, પણ તેને સ્ટાર બનાવવા કોઈ મદદમાં આવતું નથી. રમત માટે સરકાર કે સંસ્થાએ બાળકોને દત્તક લઈ લેવા જોઈએ. જેથી આર્થિક કારણોસર તે રમત છોડી ના દે તો રમતમાં આગળ વધવા માટેનો પૂરતો ખર્ચ કરી શકે. પરદેશમાં રમતો માટે સરકારનું પ્લાનિંગ છે, તે પ્લાનિંગનો આપણી સરકારે અભ્યાસ કરવો જોઈએ અને આપણી અનુકૂળતા કે સગવડતાને આધારે તેનો અમલ કરવો જોઈએ. બીજા પાસેથી શીખવામાં નાનપ અનુભવવાની જરૂર નથી.